Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

*

રાગ દ્વેષાદિ શત્રુઓના જીતનાર,
સર્વજ્ઞ, સર્વદર્શિ અનંતબળ છતાં
અત્યંત સમતાવંત એવા શ્રી જિનેશ્વર
ભગવાન તમે જયવંતા વર્તો.

*

પુસ્તક : ૮૭
અંક : ૧૧-૧૨

ભાદરવો-આસો
સપ્ટેમ્બર-ઓક્ટોબર
૧૯૯૦

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૫
વિક્રમ સંવત ૨૦૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જ્ઞાન શું છે ! જ્ઞાનની આશાતના કોને કહેવાય ! અને એ આશાતનાના પાપોથી કેવી રીતે બચી શકાય ! તે ઉપર વિસ્તૃત સમજણ આપતો લેખ | આ. શ્રી યશોદેવસૂરિજી મ. સા. | ૧૪૯ |
| (૨) | ગિરિરાજ યાત્રા : સપ્તપદિ સોપાન બીજું | પ. પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ. સા. | ૧૫૬ |
| (૩) | જૈન સેન્ટર ઓફ સધર્ન કેલિફોનિયાની વિશિષ્ટ ધાર્મિક પ્રવૃત્તિઓ | — | ૧૫૯ |
| (૪) | હિસાબ તથા સરવૈયુ | — | ૧૬૦ |
| (૫) | સમાચાર | — | ૧૬૪ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## ૧. શ્રી મહેન્દ્રભાઇ વાડીલાલ પારી–મુંબઈ

## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી કેસરીયાજી, ઉદેપુર, રાણકપુરજી, મૂછાળા મહાવીર. બ્રાહ્મણવાડા, જીરાવલા, ભીલડીયાજી, ઉણ, શંખેશ્વર તીર્થ, ઉપરીયાજી વિગેરે તીર્થનો ત્રણ દિવસનો યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો. તા. ૧૫–૯–૯૦ ને શનિવારના રોજ રાત્રીના ૯–૪૫ મિનીટે લક્ઝરી બસમાં સભાના સભ્યો અને શ્રી સંઘના ભાઇ–બહેનો નીકળીને તા. ૧૮–૯–૯૦ના રોજ રાત્રીના પરત આવી ગયેલ હતા આ યાત્રા પ્રવાસમાં ૨૦ સંઘપૂજનો થયા હતા. સહકાર બદલ ખૂબજ આભાર માનવામાં આવે છે.

— શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## ० સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો ०

સવિનય જણાવવાનું કે સં. ૨૦૪૭ કારતક સુદિ ૧ ને શુક્રવાર ૧૯–૧૦–૯૦ ના રોજ બેસતા વર્ષની પુશાલામાં રુ.૭.બ પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજી તરફથી પ્રાતવર્ષ કરવામાં આવતી દૂધ પાર્ટીમાં (૯–૩૦ થી ૧૧-૦૦) આપશ્રીને પધારવા અમારું સપ્રેમ આમત્રંણ છે તથા કાર્તક સુદિ પાંચમને બુધવારે સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામ આવશે તો દર્શન કરવા પધારશોજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

## જ્ઞાન શું છે? જ્ઞાનની આશાતના કોને કહેવાય? અને એ આશાતનાનાં પાપોથી કેવી રીતે બચી શકાય? તે ઉપર વિસ્તૃત સમજણ આપતો લેખ

લેખક : આચાર્યશ્રી યશોદેવસૂરિજી મહારાજ સાહેબ

**ભૂમિકા :** મહારાષ્ટ્રના ગાંધીજી બાળગંગાધર ટિળકે આજથી પ્રાયઃ ૫૦ વર્ષ ઉપર ભારતની આઝાદીની લડત ચાલતી હતી ત્યારે દેશની પ્રજાને 'સ્વરાજ્ય પ્રાપ્ત કરવું એ પ્રત્યેક ભારતવાસીઓનો જન્મસિદ્ધ હક્ક છે,' એવો મંત્ર આપ્યો હતો. તેની જગ્યાએ હું 'મોક્ષ પ્રાપ્ત કરવો એ પ્રત્યેક જૈનનો જન્મસિદ્ધ હક્ક છે.' એ સૂત્ર જૈનોને મારા ઉપદેશના પ્રસંગમાં કહું છું. પ્રત્યેક જૈન મોક્ષાર્થી હોવો જ જોઇએ એવી જ્ઞાનીઓની વાણી છે. એ એટલા માટે છે કે અનાદિકાળના જન્મ–મરણના ફેરાનો, તમામ દુઃખોનો અન્ત લાવવો હોય અને અનંતા શાશ્વતા સુખના ભોક્તા થવું હોય તેને મોક્ષ પ્રાપ્ત કરવો જ જોઇએ. એ મોક્ષ પ્રાપ્તિનો માર્ગ શું છે તે વાત જૈનધર્મનાં શાસ્રોમાં સ્થળે સ્થળે જોરદાર રીતે જણાવી છે, અને તે એ છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર. આ ત્રણેની ઉપાસના–સાધના જો સમજણ અને ભાવપૂર્વક થતી જાય તો એ આત્મા વહેલા મોડા કોઇને કોઇ ભવમાં સંસારનાં બંધનોને તોડીને મુક્તિસુખનો અધિકારી બની શકે છે. એ ત્રણ કારણમાં જ્ઞાનને પણ કારણ માન્યું છે અને એને મોક્ષનું અનન્ય-પ્રધાન કારણ તરીકે સ્વીકાર્યું છે. જ્ઞાન એ આત્માનો શાશ્વત ગુણ છે. જ્યાં જ્ઞાન છે ત્યાં ચેતના છે, અને જ્યાં ચેતના છે ત્યાં જ જ્ઞાન છે. આ 'જીવ' છે એને જો કોઇ ઓળખાવનાર હોય તો જ્ઞાનચેતના જ છે. એ ચેતના સૂક્ષ્મ રીતે પણ જીવમાત્રમાં બેઠી છે. આ જ્ઞાનચેતનાનો અંતરાત્મામાં ઉત્તરોત્તર વિકાસ થતો જાય તેમ તેમ જ્ઞાનનાં પ્રકાશ ઉપર રહેલો પડદો (આવરણ) ખસતો જાય, અને પ્રકાશ વધતો વધતો કોઇ ને કોઇ જન્મમાં પ્રકાશ આડો પડદો સંપૂર્ણ ખસી જતાં આત્મામાં રહેલો સંપૂર્ણ જ્ઞાનપ્રકાશ પ્રગટ થઈ જાય. જેને જૈન પરિભાષામાં 'કેવળજ્ઞાન' કહેવામાં આવે છે. વ્યવહારમાં તેને ત્રિકાલજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવો તે બહુ સહેલી વાત નથી. મોટા ભાગના જીવોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનંત જન્મને અન્તે થતો હોય છે પણ એ માટેના પ્રયત્નો અનેક જન્મ પહેલાં શરૂ કરવા પડે છે. એ માટે નવું નવું સમ્યગ્જ્ઞાન શીખવું, બીજાને જ્ઞાનદાન કરતાં રહેવું જોઇએ સાથે સાથે જ્ઞાન પ્રાપ્ત કરાવનાર જ્ઞાનીઓ, ગુરુનો કે શિક્ષકનો વિનય, વિવેક અને બહુમાન તેમજ આદર કરવો જોઈએ. તે ઉપરાંત જ્ઞાનપ્રાપ્તિમાં કારણભૂત પુસ્તકોમાં રહેલું 'અક્ષરજ્ઞાન' છે તેથી સૌથી પ્રથમ એ જ્ઞાન—અક્ષરોનું બહુમાન આદર અને બહુમાન કરતા રહેવું જોઇએ જેથી જ્ઞાન પણ બધી રીતે આશીર્વાદરૂપ થઇ પડે. પરિણામે કોઇ જન્મના અન્તે પૂર્ણ પ્રકાશ પ્રાપ્ત થાય.

ઉપર જે વાત કહી તે કેવળ જૈનો માટે નથી, માત્ર જૈન સંપ્રદાયની વાત નથી, તે વાત ગમે તે દેશના, ગમે તે ધર્મના માણસને લાગુ પડે છે. સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અને મોક્ષ પ્રાપ્ત કરવાનો અધિકાર સહુ માટે છે.

કેટલાકે મને પૂછયું કે જ્ઞાનને પવિત્ર કેમ માનવું? એનો જવાબ આપવામાં લેખ લાંબો થઇ જાય પણ ટૂંકમાં આજે લેખમાં જણાવું કે અક્ષર એ પાયો છે અને એનું શિખર—ટોચ કેવળજ્ઞાન (ત્રિકાળજ્ઞાન)નો મહાપ્રકાશ છે. એક અક્ષરનું જ્ઞાન ભાવિ જન્મોમાં કોઈ ભવમાં અનંતાનંત અક્ષરેરૂપ મહાપ્રકાશ પ્રાપ્ત કરાવનાર છે, અને વહેવારમાં હેયોપાદેય એટલે છોડવા લાયક શું છે અને મેળવવા લાયક શું છે તેનું વિશાળ જ્ઞાન આપનાર છે. આટલો જ જવાબ કાફી છે.

લેખ સારી રીતે સમજાય માટે લેખની ભૂમિકા લખીને રોજેરોજ હજારો ઘરોમાં થઇ રહેલી જ્ઞાનની આશાતના પ્રત્યે પ્રજાનું ખાસ ધ્યાન ખેંચવા માંગું છું. કેમકે તે પ્રાથમિક અનિવાર્ય અગત્યની બાબત છે. એ માટે લેખ લખ્યો છે તે ઉપર સહુ કોઇ ધ્યાન આપે તેમાંય વિશેષ કરીને જૈનો ચુસ્ત રીતે ધ્યાન આપે

卐 卐 卐

સમય એવો આવ્યો છે કે આજકાલ મોજ શોખ અને પહેરવાના અભરખા ખૂબ વધી ગયા. વિજ્ઞાન અને ટેકનોલોજીના આજના જમાનામાં વસ્ત્રોમાં ભારે ક્રાન્તિઓ થઈ રહી છે. દિનપ્રતિદિન વસ્ત્રોમાં મનગમતી ડિઝાઈનો બજારમાં મૂકીને જનતામાં વધુમાં વધુ માલ કેમ ખપે તે દૃષ્ટિબિન્દુ કંપનીઓનું હોય છે ધંધાદારીની દૃષ્ટિએ તેઓને એમ હોય તે સ્વભાવિક છે. એટલે હાલમાં છેલ્લાં બે વર્ષથી છોકરાં-છોકરીઓનાં પાટલુન, ખમ્મીસ, ઝભ્ભા વગેરેમાં એક નવો જુવાળ આવ્યો છે. દરેક કપડાં ઉપર અંગ્રેજી અક્ષરોનાં જાતજાતનાં લખાણો મશીનથી ભરવામાં તેમજ છાપવામાં પણ આવ્યા છે. અમારી પાસે દર્શનાર્થે આવતા ચૌદ આની છોકરાં—છોકરીઓનાં કપડા અંગ્રેજી અક્ષરોના રંગબેરંગી આકર્ષક ભરતકામવાળાં સતત જોઈ રહ્યો છું. પહેરેલાં કપડાં ઉપર, ઘરની ચાદરો ઉપર, પગલુંછણા ઉપર અંગ્રેજી અક્ષરોનું લખાણ ઘણા વરસોથી જોઇ રહ્યો છું. આ સિવાય ઘરની અનેક ચીજો ઉપર હોય છે. પણ એ પ્રમાણ અગાઉ આઠ આની હતું. અત્યારે જુદી જુદી સ્ટાઈલથી એ પ્રમાણ અસાધારણ રીતે વધી ગયું છે. આથી અજાણપણે પવિત્ર જ્ઞાનની ઘોર આશાતના થઇ રહી છે. અસાધારણ પાપ બાંધવાનું નિમિત્ત ઊભું થઈ રહ્યું છે.

સૌને પ્રશ્ન થશે કે એમાં શેનું પાપ લાગે?

તો જવાબ એ છે કે માનવજાતને ઓછાવત્તા પ્રમાણમાં જે કંઇ જ્ઞાન પ્રાપ્ત કરવું છે, જે કંઇ લખવું છે એમાં સ્વરો અને વ્યંજનો એટલે કે ભાષાના વર્ણો—અક્ષરો જ કામમાં આવે છે. તે દ્વારા જ આખી દુનિયા જ્ઞાન પ્રાપ્ત કરે છે. તે ઉપરાંત સ્વરો-વર્ણોથી બનેલા શબ્દો, વાક્યો અને પુસ્તકો એ જ્ઞાનપ્રાપ્તિમાં અનન્ય સહાયક છે એટલે કોઈપણ અક્ષરને પવિત્ર માનવામાં આવે છે.

જૈનધર્મમાં તો જૈનો ચોપડીને જરા પગ અડી જાય તો ક્ષમા માગે છે. હરતા ફરતાં, જતાં-આવતાં લખેલા કાગળના ટુકડા ઉપર જો પગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂકાઇ જાય તો પાપ બંધાય છે, અને તેનું પ્રાયશ્ચિત કરવું પડે છે. જ્ઞાન આપણાથી પવિત્ર અને મહાન છે તેથી આપણાં પહેરવાનાં વસ્ત્રો ઉપર તે અક્ષરો કદિ લખી શકાય જ નહિ. એ અક્ષરોવાળા કપડાં પહેરીને જંગલ-પેશાબ કરી શકાય નહિ. તેનાં ઉપર બેસી શકાય નહિ, સૂઈ શકાય નહિ. પોતાનાં કપડાની શોભા વધારવા માટે અક્ષરોને કોઇ પણ ઉપયોગમાં લઇ શકાય નહિ. જે દેશની પ્રજા જ્ઞાનના મહિમાને સમજતી નથી, જ્ઞાનની પવિત્રતાનો જેને ખ્યાલ નથી અને જે લોકોને આપણે સમજાવી શકીએ એવી પરિસ્થિતિ નથી એટલે એ દેશ ગમે તે કરે, પણ જ્યારે આપણી આ મહાન ભૂમિ ઉપર પશ્ચિમમાં શરૂ થએલાં વસ્ત્રોનાં અનુકરણરૂપે છેલ્લા બે વર્ષથી જબરજસ્ત જે જુવાળ પ્રગટ્યો છે તે જોઇને હું અપાર વેદના અનુભવી રહ્યો છું.

કોઇપણ ભાષા કે લિપિનો અક્ષર હોય તે તમામ પવિત્ર ગણાય છે. પછી તે દુનિયાના કોઈ પણ દેશનો હોય તેને આપણે વંદનીય, પૂજનીય અને નમસ્કાર યોગ્ય ગણીએ છીએ. જૈનધર્મમાં જ્ઞાન માટે તો કારતક સુદિ પાંચમનો દિવસ મહાન ગણાય છે સારાયે ભારતમાં છાપેલાં, લખેલાં પુસ્તકોની સુંદર રચના લાકડાંની પાટો ઉપર કરવામાં આવે છે. અને આપણા આત્મામાં કેવું મહાન જ્ઞાન રહ્યું છે તે જણાવીને તે કઇ રીતે પ્રગટ થાય તેની ગુજરાતી પદ્યરચના દ્વારા જણાવાય છે, અને જ્ઞાનનો મહિમા ગવાય છે. તે દિવસે જ્ઞાનનું, પુસ્તકોનું, અક્ષરોનું પૂજન કરવાનું હોય છે. પુસ્તકને ૫૮ વખત નમસ્કાર કરવાના હોય છે ... સુગંધી પદાર્થ-વાસક્ષેપથી તથા ધનથી અક્ષરોનું પૂજન કરવા માટે જ તે દિવસ નક્કી થએલો છે. એ જ દિવસે જૈનોને 'જ્ઞાનને નમસ્કાર' એમ બોલીને બે હજાર વાર નમસ્કાર કરવાનું ફરમાન કર્યું છે. એની પાછળનો હેતુ જ્ઞાનના આવરણો ઓછાં થાય, અંતરાત્મામાં પડેલો મહાન જ્ઞાનનો પ્રકાશ યથાશક્તિ બહાર આવે અને નવું જ્ઞાન જલદી કંઠસ્થ થાય, કંઠસ્થ થએલું જ્ઞાન સ્થિર થાય સ્મરણશક્તિ વધે, બુદ્ધિ વધે વગેરે ઘણા ઘણા લાભ પ્રાપ્ત થાય એ છે.

આ બાબતમાં સમજુ, ધર્મશ્રદ્ધાળુ સમગ્ર પ્રજાને હું નીચે મુજબ સૂચના કરૂં છું પણ તેમાં પ્રથમ જૈન પ્રજાને કરૂં.

અમારી જૈન પ્રજાને પણ મોટા ભાગે પવિત્રતાનો ખ્યાલ નથી. કેટલાકને ખ્યાલ હશે તો હળવો ખ્યાલ હશે. જેઓએ જ્ઞાનની આશાતનામાં માનતા હોય તેવાઓએ અંગ્રેજી કે કોઇપણ ભાષાના ગુંથેલાં છાપેલાં અક્ષરોવાળા, ચડ્ડી, પાટલુન, ખમ્મીસ, બુશર્ટ વગેરે કપડાં બજારમાંથી કદિ ખરીદવાં જ નહીં, સાદા કપડાં જ ખરીદવાં, અક્ષરોવાળાં વસ્ત્રો પહેરવાથી જે પાપ બંધાય છે તે વાત છોકરાં-છોકરીઓનાં મનમાં શિક્ષકો કે મા-બાપો બરાબર ઠસાવે તો જૈનોનાં ઘરો આ પાપથી બચી જવા પામશે.

પ્રશ્ન :- જ્ઞાન પવિત્ર છે. જાણે-અજાણે પણ તેનો અનાદર, અવગણના કે આશાતનાથી પાપ બંધાય છે તે વાત જૈનો પૂરતી જ સીમિત છે કે આ નિયમ અજૈન ભાઇઓને પણ લાગુ પડે છે?

ઉત્તર :- કેટલીક બાબતો એવી છે કે જે અનેક ધર્મોથી સ્વીકૃત હોય છે. તીર્થંકરોએ જ્ઞાનને મહાપવિત્ર, પૂજનીય, વંદનીય માન્યું છે એવું જ પવિત્ર અજૈનોએ માન્યું છે. વિશાળ હિન્દુધર્મની સુપ્રસિદ્ધ ભગવદ્ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે જ 'નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રં ઇહ વિદ્યતે' આ વાક્ય લખ્યું છે. આ વાક્ય કેટલી મોટી જાહેરાત કરે છે. એ કહે છે કે આ જગતમાં જ્ઞાન જેવી પવિત્ર ચીજ કોઇ નથી એટલે જ્ઞાનને કેટલો મોટો દરજ્જો આપ્યો છે? પવિત્રતાની માન્યતામાં જૈન-અજૈન વચ્ચે કોઈ ભેદ નથી. આજે મુશ્કેલી એ છે કે અજૈન ભાઈઓનાં ઘરોમાં કે વ્યવહારમાં જ્ઞાનની પવિત્રતાના ખ્યાલો ઓછાં થઈ ગયા છે. અરે ! બહુ જ ઓછા ઘરો આ વાતને સમજતાં હશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજૈન ભાઈઓને :–

બીજી સૂચના સમગ્ર હિન્દુ સમાજને છે કે- તેઓ સાડીઓ, પડદા, ખુરશી ઉપરના કવર, કોઈ પણ વસ્તુ તે પહેરવાની હોય કે વાપરવાની હોય, સુવાની હોય કે બેસવાની હોય કે પગલુંછણાં હોય પણ જેટલું શક્ય હોય તેટલું ધ્યાન રાખીને છાપેલી વસ્તુઓના વપરાશથી દૂર રહેશે તો જ્ઞાનની આશાતનાથી બચી જશે.

પ્રશ્ન :– જ્ઞાનની આરાધના, વિરાધના, અનાદર, અપમાન વગેરેથી પાપ બંધાય એમ કહ્યું તો શું પાપ બંધાય ? અને તેનું શું ફળ મળે ?

ઉત્તર :– એ બંધાયેલાં પાપનું ફળ આ ભવમાં મળે યા ના મળે, પરંતુ આગામી ભવમાં જ્યારે તેનું ફળ મળે ત્યારે વધુ પડતું પાપ બાંધ્યું હોય તો તે વધુ મૂર્ખ થાય, અક્કલમંદ થાય, સમજણ શક્તિનો અભાવ થાય, યાદશક્તિ ઓછી મળે, ભણવાનું મન ના થાય. એથી આગળ વધીને માણસ આંધળો, બહેરો, બોબડો, તોતડો અને લંગડો પણ થાય છે. એનાથી બચવું હોય તો અને આગામી જન્મમાં શ્રેષ્ઠ કોટિના વિદ્વાન, બુદ્ધિશાળી, ચતુર, ચકોર અને સ્વસ્થ શરીરી થવું હોય તો જ્ઞાનની આશાતનાથી બચજો.

જ્ઞાન એ તો માનવજાતનો મહાન મિત્ર છે, મોક્ષે લઈ જવા માટેનો મહાન ભોમિયો છે સંસારમાં બધી રીતે સુખી રહેવા માટેના સંજીવની છે. માટે જે લોકોને જ્ઞાન પુન્ય-પવિત્ર છે એમાં શ્રદ્ધા હોય તેઓને શું કરવું તે વિચારવું.

ઉપર મેં પ્રજાને વિનંતિ કરી પણ એ વિનંતિ ૨૫ ટકા પણ પ્રજાને ગળે ઉતરશે કે કેમ ? તે સવાલ છે. સૌથી શ્રેષ્ઠ અને સારો માર્ગ એ છે કે પરદેશની કંપનીઓને તમે કંઈ કહી શકતા નથી. પરંતુ દેશની જે કંપનીઓ છે એમાં જે કંપની જૈનો કે અજૈનોની હોય પણ ત્યાં સમજાવટથી કામ લઈ શકાતું હોય તો અક્ષરોવાળાં કપડાં તૈયાર કરે જ નહિ તો હજારો મનુષ્યો–જીવો પાપથી બચી જશે અને એનું પુણ્ય કંપનીઓને પણ મળશે.

પણ આ કોણ કરે ?

જૈન સમાજ આજે સુષુપ્ત બની ગયો છે. એની રાજકીય સામાજીક અને ધાર્મિક ચેતના આજે ઠંડી પડી ગઈ છે. પોતાના ઘરસંસાર અને આજીવિકાના પ્રશ્નો-બોજથી ઘેરાયેલો છે. આ બધુ હોવા છતાં પણ ધારે તો પ્રેમથી અવાજ પહોંચાડી શકે બાકી આજકાલ પશ્ચિમ સંસ્કૃતિના સંસ્કારની આ દેશ ઉપર એવી અસર થઈ છે કે આવી વાત કરનાર વ્યક્તિને ચોખલીયા કહે, આપણું કોઈ સાંભળશે નહિ. પાપ બાંધવાનો જમાનો છે તેમાં આપણે શું કરીએ વગેરે ઉદ્ગારો કાઢે.

અક્ષરોની પવિત્રતાની બાબતમાં જૈનો કેવા નિયમો પાળે છે તેનો નમૂનો જોઈએ.

સમગ્ર વિશ્વમાં છાપાંઓની વપરાશ ધમધોકાર ચાલી રહી છે ત્યારે લખવું અસ્થાને છે. તમામ જાતના છાપાઓ પણ રોજેરોજ તૈયાર થતાં એક પ્રકારના ઓપન પુસ્તકો જ છે. આજે તો એ છાપાઓની જે ભયંકર સ્થિતિ વર્તે છે એનું અહીં વર્ણન કરવાનો અર્થ નથી પરંતુ છાપાઓ પ્રત્યે પણ આદર અને માન રાખીને બને એટલું પાપ ન બંધાય એટલો ખ્યાલ રાખવો જોઈએ. બજારના વેપારીઓ પોતાનો માલ છાપાના કાગળમાં બાંધીને આપે, ખાવાપીવાની તથા પોતાની વાપરવાની ચીજો છાપામાં બંધાય તે બાબતને જૈનો પસંદ કરતા નથી, કેમકે તેથી અક્ષરની અવહેલના અનાદર થાય છે. તેથી પાપ બંધાય છે તેમ માને છે પણ આ જમાનામાં એ પાપથી બચવું અશક્ય છે. જૈન સાધુ–સાધ્વી પોતાની દવા પણ છાપાનાં કાગળમાં બંધાવતા નથી. છાપાના કાગળમાં ગૃહસ્થના ઘરેથી મુખવાસ પણ લાવતા નથી. ચોપડી કે નોટ ઉપર છાપાનું કાગળ પણ ચઢાવતાં નથી. છાપા કે પુસ્તકનો પગનો સ્પર્શ પણ કરતા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ તો પ્રજાના ભલા માટે ફક્ત થોડા સંકેતો કર્યાં છે ઘણા સંન્યાસી-મહાત્માઓ ખાસ કરીને ઉત્તર પ્રદેશના વધારે પોતાનાં શરીર ઉપર ચાદર ઓઢે છે એ ચાદર ઉપર રામ રામ કે બીજાં ઘણાં ધાર્મિક નામો લખેલાં હોય છે. જો કે ભગવાનનાં નામનું કપડું ઓઢવા પાછળ બીજો કોઈ આશય નહિ પણ ભક્તિભાવનો જ આશય હોય છે. શરીર ઉપર ભગવાનનાં નામનું લખેલ કવર ઓઢયું હોય તો કલ્યાણ થાય છે એવી સમજ હોય છે પણ એમની એ સમજ યોગ્ય નથી. ઉપર જે ગીતાનો પુરાવો આપ્યો છે એ આધારે જો જ્ઞાન પવિત્ર જ હોય તો તેનાથી આપણા અપવિત્ર અને અશુદ્ધ રહેતા શરીરની રક્ષા માટે તેનો કેમ ઉપયોગ થાય ? ઘણાં તો પહેરેલી ચાદરો ઉપર સુવા તથા બેસવાનો ઉપયોગ કરે છે તે કઈ રીતે ઉચિત ગણાય ?

—: ૦ :—

## જૈન સાધુ સાધ્વીજીઓ જ્ઞાનની આશાતનાથી બચવા અને જ્ઞાનની પ્રાપ્ત માટે શું કરે છે તેની કેટલીક નોંધ આપું

જૈન સાધુ-સાધ્વીજી પુસ્તકને બહુમાન પૂર્વક રાખે છે-મૂકે છે, જમીન ઉપર મુકતા નથી, સાપડા ઉપર કે બાજોઠ ઉપર રાખીને ભણે છે. કેમકે જમીન ઉપર મૂકવાથી જ્ઞાન પ્રત્યેનો અનાદર સૂચિત થાય છે.

— કોઈ વખત જરા પગ અડકી ગયો હોય તો પુસ્તકને પગે લાગે છે અને હાથ જોડીને ક્ષમા માગી લે છે જેથી તત્કાલ પાપ લાગ્યું હોય તો ચોપડા ચોખ્ખા થઇ જાય, પાપને વાસી રાખતા નથી.

— બુદ્ધિ, સ્ફૂર્તિ, યાદશક્તિ વધે, કંઠસ્થ કરવાની શક્તિ વધે એ માટે જૈન સાધુ-સાધ્વી પુસ્તકને સવારે પંચાંગ પ્રણિપાત કરવા પૂર્વક પાંચની સંખ્યામાંથી લઈને એકાવન સંખ્યા સુધીમાં બે હાથ જોડી મસ્તક નમાવી નમસ્કાર કરે છે અને મારા અશુભ જ્ઞાનનાં આવરણો ઓછા થજો, બુદ્ધિ, યાદશક્તિ, સ્મૃતિ વધે, ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય એવી ભાવના ભાવે છે.

— જો કે જૈન સાધુ-સાધ્વીજીઓમાં આજે તો પ્રાચીન પ્રથા-લગભગ બંધ થઇ ગઈ પણ આજથી લગભગ ૪૦ વર્ષ ઉપર ભણવાનાં પુસ્તક ઉપર સુતરાઉ-રેશમી કપડાનાં કવર હાથથી સીવીને ચઢાવવાની પ્રથા હતી જેથી જ્ઞાનનું બહુમાન-સાથે ભક્તિ કરવાનો લાભ મળે. પુંઠાં જલદી નીકળી ન જાય અને પુસ્તનું રક્ષણ પણ થતું. વળી ચોપડી આખી પહોળી થાય તો જલ્દી ફાટી જાય એટલે પણ ફરજીયાત રીતે અડધી જ પહોળી કરી શકાય એ માટે બંને પુંઠા વચ્ચે જોઈતાં માપની દોરી બાંધવામાં આવતી જેથી અંદરનાં પાનાં પુંઠાથી જલદી જુદા પડી ન જાય. આ પદ્ધતિના કારણે પુસ્તકો પણ દીર્ઘાયુષી બનતાં.

— જૈન સાધુ લખેલાં કે ફાટેલાં કાગળને જ્યાં ત્યાં ફેંકી દેતાં નથી પણ એક થેલામાં ભેગા કરે છે. જ્યાં ત્યાં ફેંકવાથી જ્ઞાનનો અત્યન્ત અનાદર અને આશાતના થાય છે. જ્યાં ત્યાં નાંખવાથી બીજા લોકોના પગ તેના ઉપર પણ પડે છે તેઓ પણ આશાતનાના ભાગીદાર બની જાય છે. ટપાલો, હેન્ડબીલો વગેરે જે કાંઇ નકામું થાય છે તે બધું ભેગું કરીને જંગલમાં ખાડો હોય કે ખાલી કુવા જેવો ભાગ હોય તેની અંદર કાં તો કાગળનો જથ્થો બીજા જીવોની હિંસા કરવામાં નિમિત્ત ન થાય તેનો ખ્યાલ રાખીને તેવી ધરતી ઉપર નાંખી દે છે ઘણા સાધુ સાધ્વીજીની ટપાલ બહુ ઓછી હોય છે તે લોકો પણ અવરનવાર ટપાલના કટકા કરીને જંગલમાં જોઇને સુયોગ્ય જગ્યાએ પધરાવી દે છે.

— જૈન સાધુ કોઇપણ ચીજ છાપામાં બાંધીને આપતા નથી તેમજ લખેલા કાગળમાં કોઈપણ ચીજ તે લેતા નથી.

— જૈન સાધુ છાપેલી ફેબ્રીક કે મલમલ ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મીલનું લખાણ હોય છે તે ભાગ પણ પોતાના વાપરવાના ઉપયોગમાં લેતા નથી.

**સૂચના :-** ઉપરનાં નિયમોનું પાલન જૈન-અજૈન ભાઈ-બહેનો પણ કરી શકે છે. ઘણા લોકોને રેલ્વેમાં સુવું હોય ને સુવાનું સાધન ન હોય તો બે છાપા પહોળાં કરી છાપાનું ઓશીકું બનાવીને સુઈ જાય છે. છાપાંથી સ્ત્રીઓ વિષ્ટા, ગંદકી વગેરે સાફ કરે છે. આથી જ્ઞાનનો અનાદર અને આશાતના થાય છે

**એમ. સી વાળી બહેનો માટે :-**

એમ. સી. વાળી બેનો અને પુસ્તકો અંગે લખવું તે વર્તમાન પરિસ્થિતિ જોતાં અસ્થાને છે. વાચકોને હાસ્યાસ્પદ જેવું લાગશે છતાં સાચી વાત જણાવવી તો જોઇએ. વર્તમાન જમાનામાં એમ. સી. પાળવાનું વ્રત સર્વત્ર ફેલાઈ ગયું છે. પરિસ્થિતિ સર્વથા હદ બહાર ચાલી ગઈ છે. ઘરસંસારની, વ્યાપારની, મુસાફરીની, સ્કુલોની, ઓફિસોની, દવાખાનાં વગેરેની સર્વત્ર પરિસ્થિતિ એવી ઊભી થઇ ગઈ છે કે ત્યાં એમ. સી.ના સમયે રજા ઉપર રહેવું કે દૂર રહેવું એ ૯૦ ટકા અશક્ય બની ગયું છે. શહેરી જીવનની પરિસ્થિતિ એક રૂમમા બધાને રહેવાનું એટલે કંઇક કહેવું બિનજરૂરી કહેવાય પણ એમ. સી. નો દોષ એની દૂષિત દુર્ગંધના કારણે આરોગ્ય, પવિત્રતા, સાધના અને સિદ્ધિની દૃષ્ટિએ ખૂબ વાંધા ભર્યો છે. આજે મંત્ર જલદી ફળતા નથી, સિદ્ધિઓ જલદી થતી નથી, ઘરની અંદર જોઇએ એવી શાંતિ સ્થપાતી નથી. એના બીજાં કારણો જરૂર છે પણ આ કારણ પણ સારો ભાગ ભજવે છે એ ભૂલવું ન જોઇએ.

અત્યારે તો પ્રાસંગિક એટલું જ કહેવાનું કે એમ. સી. વાળી બહેનો શક્ય હોય તો ધાર્મિક પુસ્તકોનો સ્પર્શ ન કરે અને ન વાંચે, અને શક્ય હોય ત્યાં સુધી ત્રણ દિવસ દરમિયાન વાતાવરણ વધુ દૂષિત ન બને એની કાળજી રાખીને ઘરનો વ્યવહાર સાચવશે તો પણ તેમના માટે યોગ્ય ગણાશે. જૈન સાધ્વીજીઓ એમ સી.માં કાગળ કે પુસ્તકનો સ્પર્શ કરતી નથી એટલું જ નહિ પણ તે કાગળ ઉપર લખવાનું કે પત્ર હાથમાં લઈ વાંચવાનું પણ ટાળે છે.

**પગલુંછણા બાબત :-**

પગલુછણાં ઉપર વેલકમ, સુસ્વાગતમ્ વગેરે અક્ષરો છાપેલાં હોય છે. એવા પગલુંછણા ઘર કે દુકાનમાં રાખવા નહીં. નહીંતર સેંકડો માણસો તેના ઉપર જશે-આવશે, પગની ધૂળથી એ અક્ષરો ગંદા થશે. પગલુંછણાનો માલિક એ પોતાના અને બીજાઓનાં પાપનો નાહક ભાગીદાર બનશે. કદાચ કહેશો કે અક્ષર વિનાના પગલુંછણાં નથી મળતાં તો શું કરવું. જો કે એ વાતમાં થોડું તથ્ય છે પણ તે મળે છે. જો સાદાં પગલુછણાં માટેની માંગ વધી જશે તો કંપનીઓ સાદા પણ કાઢશે. પગલુંછણાં ન હતાં ત્યારે કંતાનની સીવેલી ગાદીઓ પગલુંછણાં રાખતા. આજે પણ ઘણાં ઘરોમાં વપરાય છે. કેટલાક દેરાસરના ટ્રસ્ટીઓને ખ્યાલ નથી હોતો એટલે દેરાસરમાં, ઉપાશ્રય વગેરે ધાર્મિક સ્થળોમાં પણ અક્ષરવાળાં પગલુંછણાં રાખે છે. પગલુંછણાં ઉપર બીજાં પ્રાણી વગેરેનાં ચિત્રો પણ આવે છે, જૈનધર્મમાં તેના પણ નિષેધ છે. માટે જ્ઞાનની આશાતનાથી બચવા ખૂબ જાગૃત રહો.

અત્યારના યુગમાં સાધુ-સાધ્વીજીઓને પણ ચુસ્ત રીતે જ્ઞાનની આશાતનાથી બચવાનું કાર્ય ઘણું મુશ્કેલ બન્યું છે. ઉપયોગવંતા જાગૃત સાધુ-સાધ્વીજીઓ હોય અને તેઓ ગમે તેટલા આશાતનાથી બચવા માગતા હોય તો પણ ઓછા-વત્તા અંશે જ્ઞાનની આશાતનાથી ક્યાંક ને ક્યાંક ખરડાયા વિના રહી શકતા નથી અને દુઃખાતાં હૈયે આશાતનાઓ થતી હોય તે પાપથી મુક્ત થવા ભારતભરના હજારો સાધુ-સાધ્વીજીઓ પંદર દિવસે ફરજીયાત એક વાર જાણે-અજાણે જ્ઞાન પ્રત્યેની થયેલી આશાતનાની બે હાથ જોડી ક્ષમા માગી લે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલીક નાની નાની અતિ જાણીતી બાબતો છે કે જેમાં જાણે-અજાણે જ્ઞાનની આશાતના દરેક વ્યક્તિના હાથે થઇ જતી હોય છે. એમાં એકાદ-બે બાબતનો ઉલ્લેખ કરૂં. મારી સગી આંખે જોયેલી બાબત છે કે કેટલાક ચશ્માધારી આચાર્યો, સાધુઓ, પંડિતો વગેરે જ્યારે જ્યારે પુસ્તકો વાંચે છે ત્યારે વચમાં વચમાં ચશ્મા ઉતારી એ ચશ્મા પુસ્તક ઉપર મૂકે છે. પોથી વંચાતી હોય તો પોથી ઉપર મૂકે છે બંધ પુસ્તક હોય તો તેનાં ઉપર મૂકે છે. પણ આ વહેવાર બરાબર નથી આપણી કાયાને વાપરવાની ચીજ, વળી તે પર-સેવાથી દૂષિત પણ થઇ હોય આ કારણોથી સ્પષ્ટ રીતે આશાતના થવાની જ. એક બાબત ખાસ ધ્યાનમાં બરાબર લેવી ઘટે કે શરીર સાથે સ્પર્શ થયેલ કોઈપણ ચીજોનો ઉપયોગ જ્ઞાનનાં અક્ષરો કે પુસ્તકો સાથે થાય નહિ. પોતાનાં વાપરવાનાં કપડાં-કામળી ભલે નવાં હોય તો પણ પુસ્તક ઉપર કે પુસ્તકનાં ઢગલાં ઉપર મૂકાય નહિ. આ જ વાત ગૃહસ્થો એ અચૂક ધ્યાનમાં લેવી ઘટે.

જ્ઞાન અંગેનો લેખ હજુ ઘણો લંબાવી શકાય પણ લેખની મર્યાદા હોવાથી થોડું-ઝાઝું કરીને માનજો, અને સહુ કોઇ મહાનુભાવો જ્ઞાનની આશાતના અને અનાદરના દોષથી બચવા પ્રયત્નશીલ બનજો. જૈન*અજૈન વેપારી, આગેવાનો, સોશ્યલ વર્કરો, પૂજ્ય આચાર્ય મહારાજો તથા મુનિ-પ્રવરો વગેરે રેડીમેડ કપડાં ઉપર છપાતા અક્ષરો બંધ થાય એ માટે પ્રેમથી સમજાવવા કોઇપણ પ્રયત્ન થઈ શકે તો વિચારજો.

મુંબઇમાં રેડીમેડનાં કચ્છીભાઇઓ આગળ પડતા છે તેઓ આ બાબત પ્રત્યે જરૂર ધ્યાન આપે. આ લેખની નકલો શહેરની સ્ત્રી-સંસ્થાઓ, શિવણ-ક્લાસો, વગેરે સ્થળે ખાસ પહોંચાડવામાં આવે તો સારૂં.

* જ્ઞાનની લિપિ સાથે સમ્યક્ કે અસમ્યક્ સાથેનો કોઇ સંબંધ નથી. દુનિયાનો કોઇપણ અક્ષર જ્ઞાનરૂપ હોવાથી પવિત્ર ગણાય છે.

## સ્વર્ગારોહણ દિન

જૈન ધર્મે જીવન સાધનામાં અહિંસાને પ્રધાન્ય આપીને વિશ્વભરના જીવો સાથે મૈત્રી કેળવવાનો આદેશ આપ્યો છે. યુગદ્રષ્ટા અને યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે એ આદેશને ઝીલી લઇને પોતાના હૃદયને વિશાળ, કરૂણા પરાયણ અને સંવેદનશીલ બનાવ્યું હતું અને સમગ્ર માનવજાત પ્રત્યે. સમભવ કેળવ્યો હતો. કોઇનું પણ દુઃખ દર્દ જોઇને એમનું અંતર કરૂણાભીનું બની જતું અને એના નિવારણ માટે શક્ય પુરૂષાર્થ કરતા હતા. આથી જ તેઓશ્રી સર્વના હિતચિંતક અને એક આદર્શ લોકગુરુ તરીકે પ્રસિદ્ધ થયા હતા.

ધર્મના હાર્દને પારખી સમયને અનુરૂપ સમાજની ભાવિ પેઢીના નવઘડતર માટે ધાર્મિક શિક્ષણ આપવાની સાથે વિદ્યાલયો સ્થાપવાની પ્રેરણા આપીને સમાજને અંધારામાંથી પ્રકાશની પગદંડી પર ગતિશીલ બનાવનાર આ મહાન જૈનાચાર્યનો ૩૬ મો સ્વર્ગારોહણદિન સંવત ૨૦૪૬ ના ભાદરવા વદી ૧૧ ના છે. તેઓશ્રીનું પુણ્ય સ્મરણ કરીને, તેઓશ્રીને કોટિકોટિ વંદના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગિરિરાજ યાત્રા સપ્તપદી
## સોપાન બીજું...

> ગિરિવર રજ તરુ મંજરી રે, શીશ ચઢાવે ભૂપ,
> જિમજિમ એ ગિરિ ભેટીએરે, તિમતિમ પાપપલાય સલુણા.

**પ. પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ**

**સં. ૨૦૪૫ કાર્તિક વદિ ૧૧, જેસર જૈન ઉપાશ્રય**

પ્રદ્યુમ્ન વિ૦

તત્ર શ્રી દેવગુરુ ભક્તિ કારક સુશ્રાવક યોગ્ય ધર્મલાભ.

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીની કૃપાથી આનંદ મંગલ વર્તે છે ત્યાં પણ તેમજ હો.

વરલથી વ. ૭ ના એક પત્ર લખ્યો તે મળ્યો હશે. વરલથી ડેમ થઇને ગઇ કાલે કદંબગિરિજી આવ્યા ત્યાં નીચે શ્રી મહાવીર સ્વામી ભગવાન છે. મહાવીર પ્રભુના દીક્ષા કલ્યાણકની આરાધના કરી અને આજે અહી આવ્યા છીએ અહીંથી પરમ દિવસે પ્રાય: આગળ વિહાર થશે.

ગિરિરાજની તળેટી સુધીની વાત ગયા પત્રમાં લખી હતી. હવે ત્યાંથી આગળ વધીએ.

આ તળેટીનુ નામ જય તળેટી છે. અહીં ચૈત્યવંદન કરવાનું હોય છે

વાસ્તવિક રીતે તો આ ચૈત્યવંદન ગિરિરાજનુંજ કરવાનું છે આ જે ધરતી છે તે પાવન અને પવિત્ર છે. અનતસિદ્ધ ભગવંતોના તપ–તેજથી શુદ્ધ, નિર્મળ થયેલા ગિરિવરને વંદના કરવાની છે. અહીંના એક એક અણુમાં, મન પ્રાણને તમામ પાપોથી મુક્ત કરવાની શકિત છે. અહીં રેણુ–રજમાં તમામ કર્મ રજને વિખેરવાની-કર્મની ચીકાશ દૂર કરવાની તાકાત છે.

આ ગિરિવરની રજે-રજ પવિત્ર છે મસ્તક ઉપર ચઢાવવા લાયક છે. ગિરિરાજની યાત્રા એ તો જીવનનો એક લહાવો છે. આટલા બધા ભવોમાં ગરવા ગિરિરાજ જેવા મળ્યા નથી. ફરી કયારે મળશે! પાપથી ભારે આત્માને તથા અભવ્ય ને તો આ ભાવપૂર્ણનજરે દેખાતા પણ નથી. એવી આ મહાન ભૂમિ છે. એટલે એને ભાવથી ભેટીને સ્પર્શના કરીને તેની સ્તુતિ કરવા સ્વરૂપ સૌથી પહેલુ (કુલ પાંચ ચૈત્યવંદન કરવાના હોય છે) અહીં ગિરિરાજનું ચૈત્યવંદન કરવાનું માત્ર ગિરિરાજને જોઇ આપણને ભાવોલ્લાસ ન જાગે તેથી પ્રભુજીના પાદુકાની દેરીઓ થઈ.

યાત્રા માટે શુભ ભાવોલ્લાસથી સભર હૈયે શ્રી આદીશ્વર દાદાની જય બોલીને ગિરિરાજ ચઢવાની શરુઆત કરજો ધીમે ધીમે ચઢજો નહીંતો હાંફ ચઢી જશે પહેલી પરબ તે મોતીશા શેઠની પરબ કહેવાય છે તે પછી થોડો સીધો ચાલવાનો રસ્તો આવે છે આ ગિરિરાજનું એક નામ સિદ્ધાચલ છે એ શબ્દને બીજા અર્થ માટે વિભાજિત કરીએ તો સિદ્ધા ચલ સીધો ચાલ; આડો અવળો વાંકો ચૂકો ન ચાલ, પણ સીધો ચાલ, એવો મૂક સંદેશ આ ગિરિરાજ આપણને આપે છે સીધો રસ્તો જ્યાં પૂરો થાય છે, ત્યાં કુંડ છે તેનુ નામ ઇચ્છાકુંડ છે આ કુંડ સં. ૧૬૮૧ માં બનાવાયો છે ત્યાંથી ઉપર ચઢવાનું આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જમણી બાજુ પાદુકા આવે છે. દર્શન કરવા થોભવાનું આવે થોડુ ચઢીએ એટલે થોભવું તો પડેજ આમા બે ફાયદા વિસામો મળી રહે, અને વંદના થઈ જાય.

ગિરિરાજ ચઢતા મૌન રહેવાય તો એ શ્રેષ્ઠ છે ન જ રહેવાય તો —

"ક્યારે સિદ્ધગિરિ પવિત્ર શીખરે જઈ
શાંત વૃત્તિ સજી
સિદ્ધો ના ગુણનો વીચાર કરીશું
મિથ્યા વિકલ્પો ત્યજી"

એ ભાવનાનુ સાર અહીં આ ભૂમિના પ્રભાવે સિદ્ધ થયેલા સિદ્ધ ભગવંતોના અનંત ગુણને યાદ કરવા. એ પણ ન ફાવે તો શ્રી સિદ્ધગિરિ કે આદીશ્વર દાદાના સ્તવનોની કડીઓ બોલવી પણ કોઈની નિંદા કે સાંસારિક આપાર વ્યવહારની વાત ન કરવી.

હા તો હવે જે ડાબી બાજુ આવી તે લીલી પરબ આવી ત્યાંથી આગળનું થોડું ચઢાણ સીધું અને તેથીજ થોડુંક આકરુ છે. એ ટેકરી ચઢી રહો એટલે આવે છે કુમારકુંડ. અહી એક સુંદર ઉંચી દેરી છે ત્યાં દર્શન કરો તે પછીના પગથીઆ સુગમ આવ્યા. દોઢા પગથીઆ છે ચઢવામાં સહેલા પડે છે.

હવે નીચેનો સંગ છૂટે છે. ઉપરની તાજી નરવી હવાના આંદોલનો, ગિરિરાજની પવિત્રતા ભરીને આપણને ભેટવા આવે છે.

અને જોત જોતામાં હિંગળાજ માતાનો હડો આવે છે. જ્યારે પગથીઆ ન હતા ત્યારે એવુ કહેવાતું કે— આવ્યો હિંગળાજનો હડો કેડે હાથ દઇને ચઢો.

એ પછી બે રસ્તા આવે છે અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પાદુકાની દેરી છે ત્યાં વંદના કરીને મોટા ભાગના લોકો નવા રસ્તે જ જવાનું પસંદ કરે છે અને એ વધુ સલામત છે આજનો માણસ સલામતીને પહેલા શોધે છે ને! એ જુનો રસ્તો, આપણને આ નવો થઇ ગયો એટલે અઘરો લાગે છે બાકી ત્યાં પુરાણા કાળના હજારો યાત્રિકોના ઉત્તમ ભાવનાના પાવન પરમાણુઓ પથરાયેલા છે. એજ રસ્તે થોડા આગળ ગયા પછી બેસવાનો ઓટલો આવે છે આજ જગ્યાએ બેસીને વર્તમાન કાળના પ્રભુના શાસનના પરમરાગી સુશ્રાવક અનુપચંદ મલુકચંદ સ્વર્ગવાસી થયા હતા.

તેઓનું અન્તઃકરણ યોગી કક્ષાનું હતું. અમદાવાદથી સંગામાં વગેરેની સાથે યાત્રાએ આવેલા. તેઓ અને તેમની સાથે પાટણના ગિરધરભાઈ ભોજક પણ ચઢતા હતા. આ બેઠક ઉપર બેસીને અનુપચંદભાઇએ ગિરધરભાઇને કહ્યું કે ગિરધર! અહીં કોઈનો દેહ છૂટે તો તે કેવુ કહેવાય! ગિરધરભાઈ કહે જ્યાં કાંકરે કાંકરે અનંત સિદ્ધ થયા હોય એ ભૂમિમાં છેલ્લો શ્વાસ લેવાય તેના જેવું એકે ઉત્તમ નહીં! બસ આ વાક્ય પૂરું થયું ને અનુપચંદભાઇએ પોતાની ડોક ગિરધરભાઇના ખભે ઢાળી દીધી. કાયમને માટે આંખ મીંચી દીધી આવુ ધન્ય મૃત્યુ તો કોને મળે! કોકનેજ મળેને!

એટલે આવી ઘટના ત્યાં બનેલી છે. પણ આપણે તો નવા રસ્તે જ ઉપર જઇએ.

રમતા રમતા થોડા ઉપર આવીએ એટલે પૂર્વ દિશામાં લાલી પથરાઈ ગઇ છે તેમાંથી રાતા ચોળ સૂર્ય નારાયણ પૃથ્વી ઉપરના જીવોને જગાડતા અને "સૂતેલા જગમાં કવોણ કરથી ચૈતન્ય સંચારતા.—

આવી ગયા છે તે દેખાય છે પક્ષીઓનો કલરવ અને વગડાઉ. ફુલની આછી મીઠી સુગંધ માણવા મળે છે, અને આ તરફ નજર કરીએતો પુણ્યસલિલા શંત્રુજયાનદી દેખાય છે હવે તો કેવો તેનો વિશાળ પટ ફેલાયેલો દેખાય છે અને— પાલિતાણા ગામ તરફ જોઇએ તો...દૂર દૂરના ગામડાં દેખાય-તે જોઇને તો એમ કહેવાનું મન થાય કે—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" દરાખ લૂમખાં સમાં, અહીં તહીં દીસે ગાંમડાં "

શત્રુંજયાનદીને જોઇને સહેજ ઉપર ચઢીને નજર દોડાવીએ, તો એ પછી ચૌમુખજીની ટૂંકનું ઉત્તુંગ-આભ ઊચું શિખર દેખાવા લાગે છે. થાક ઓસરવા લાગે છે. હવે છાલા કુંડ આવી ગયો આ કુંડ સં. ૧૮૭૯ માં બનાવ્યો છે.

અહીં ફર ફર ઠંડો પવન આવે તે ન બેસવું હોય તોય બેસવા મન થઇ જાય. વળી અહીં નવા-જુના બે રસ્તા આવ્યા. અહીં પણ હવે આ જુના રસ્તે કોઈ ખાસ જતું નથી.

નવા રસ્તે શ્રી પૂજ્યની ટૂંક આવે છે. તેમાં શ્રી પાર્શ્વપદ્માવતી દેવીની પ્રતિમાજી છે. હવેનું ચઢાણ ચઢાણ ન લાગે તેવું છે. બે ચાર પગથીઆ ચઢોને, ચાલો. અને ખરેખર તો હવે ચાલવાનુ જ વધારે આવે છે, જ્યાં જુનો રસ્તો મળે છે ત્યાં દ્રાવિડ-વારિખિલ્લજી-અઇમુત્તા મુનિની દેરી આવે છે. એ દર્શન કરીને સહેજ આગળ જાવ એટલે અહીંથી જે ગિરિરાજનો દેખાવ જોવા મળે છે. તે ભવ્ય હોય છે ખુલ્લી સપાટ જગ્યા માંથી નવ ટૂંક વાળો, ઉંચેરો ભાગ શું સુંદર લાગે કે જોયાજ કરીએ. સામેજ ચૌમુખજીનું બાદળથી વાત કરતું શિખર દેખાય છે.

પછી એક કુંડ આવે છે. અને જોત જોતામાં હનુમાન ધારા આવી ગઇ. અહીં વળી બે રસ્તા આવે છે-એકનવ ટૂંકમાં જવાનો અને એક દાદાની ટૂંકમાં જવાનો, દાદાની ટૂંકનાં રસ્તે ચાલીએ એટલે પહાડમાંજ પગથીઆ જેવું કોતરીને ઉપર ચઢી શકાય તેવું બનાવ્યું છે, જાલી-મયાલીને ઉવયાલી મુનીની મૂર્તિ કંડારી છે. ત્યાંથી આમ સામે નજર કરો તો કંદબગિરિના દર્શન થાય અને આમ જુઓ તો તુર્ત રામપોલ દેખાશે. અને થશે કે હાશ-આવી ગયા.

રામપોળ પાસે આપણા ડાબા હાથે જે રસ્તો છે તે ૭ ગાઉ-ની પ્રદક્ષિણામાં જવા માટેનો રસ્તો છે. વળી પહેલા શેત્રુંજી નદી ન્હાઇને પ્રભુજીની પૂજા કરવા માટે ચઢતાં હતાં, તે રસ્તો પણ અહીંજ આવે છે.

રામ પોળમાં દાખલ થયા એટલે હવે ત્રીજો તબક્કો શરુ થયો. (પહેલો તળેટીનો બીજો ગિરિરાજનો અને આ ત્રીજો મોતીશા શેઠનો)

સમય થઈ ગયો છે ગૌચરી આવી ગઇ છે હજી વાપરવું છે અને પછી સાંજે તો વીહાર કરીને છાપરીયાળી જવાનુ છે એટલે હવે એકાદ-બે દિવસ પછી પત્ર લખવા, ધારુ છું દરમ્યાન કદાચ તારો પત્ર આવી પણ જાય.

અને અંતે આ ભવમાં કુળના પ્રભાવે મળેલા ત્રણે અધિરાજમાંજ મન વચન અને કાયા પરોવેલા રાખીએ મંત્રાધિરાજ પર્વાધિરાજ અને તીર્થાધિરાજ આ તરણ તારણ જહાજ છે.

— ના ધર્મલાભ

# શોકાંજલિ

શ્રી શાહ અમીચંદભાઈ પોપટલાલ સં. ૨૦૪૬ ભાદરવા વદ ૧૪ ને સોમવાર તારીખ ૧૭-૯-૯૦ રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનોપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

— શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સેન્ટર ઓફ સધર્ન કેલિફોર્નિયાની વિશિષ્ટ ધાર્મિક પ્રવૃત્તિઓ

અમેરિકાના સધર્ન કેલિફોર્નિયાના સાંસ્કૃતિક સેન્ટરમાં યોજાયેલા જાણીતા સાહિત્યકાર અને તત્ત્વચિંતક ડૉ. કુમારપાળ દેસાઈની સતત દસ દિવસની પ્રવચનશ્રેણી બાદ સેન્ટરના ભૂતપૂર્વ પ્રમુખશ્રી મણિભાઈ મહેતા અને વર્તમાન પ્રમુખશ્રી નવનીતભાઇ શાહે ૧૯૮૬, ૧૯૮૮ અને ૧૯૯૦ એમ ત્રણ વર્ષ સુધી પ્રવચનશ્રેણી આપવા માટે ડૉ. કુમારપાળ દેસાઈને એક ખાસ ગૌરવ પુરસ્કાર એનાયત કર્યો હતો. આ વર્ષે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી, યોગી આનંદઘનજી વિશે તેમજ જૈનદર્શનની વિનય, તપ, વૈયાવૃત્ય, સ્વાધ્યાય જેવી તત્ત્વવિચારણા અંગે શ્રી કુમારપાળ દેસાઇના પ્રવચનો યોજાયા હતા. આ પ્રસંગે વિસ્તૃત પુસ્તકાલયનું આયોજન કરવામાં આવ્યું. લોસએન્જલિસમાં યોજાયેલી ડૉ. કુમારપાળ દેસાઇ સાથેની સાહિત્યિક ગોષ્ઠિમાં શ્રી મધુરાય, શ્રી રમેશ શાહ, પ્રીતિ સેનગુપ્તા વગેરેએ ભાગ લીધો હતો. ત્યાર પછી સાનફ્રાંસિસ્કોના પ્રવચન-પ્રવાસમાં નોર્થન કેલિફોર્નિયાના જૈન સેન્ટરે ચંદ્રક દ્વારા તેઓનું સન્માન કર્યું હતું. પ્રવાસના અંતે સિંગાપોરમાં પણ પ્રવચનો યોજવામાં આવ્યા. આ રીતે અમેરીકામાં સંસ્કૃતિ, ધર્મચિંતન અને ગુજરાતી ભાષા અંગે ડૉ. કુમારપાળ દેસાઇએ કરેલું કાર્ય મહત્ત્વનું બની રહ્યું

જૈન સેન્ટર ઓફ સધર્ન કેલિફોર્નિયાનું જૈન ભવન એ જમીન ખરીદીને પૂર્ણ સુવિધા સાથે તૈયાર કરવામાં આવેલું અમેરિકા અને યુરોપનું એક માત્ર જૈન સેન્ટર છે. ૧૧ લાખ ડોલરના ખર્ચે તૈયાર થયેલા તથા ૧૯૮૮ ની ૧ લી જુલાઇએ ઉદ્‌ઘાટન પામેલા આ જૈન સેન્ટરમાં દેરાસર, સ્વાધ્યાય ખંડ, ધ્યાન ખંડ અને સ્ત્રીઓ તથા પુરુષો માટે પૂજા ખંડ છે. લોસએન્જલિસ મહાનગરના ઓરેન્જ કાઉન્ટીમાં બ્યુએના પાર્ક વિસ્તારમાં આવેલું આ જૈન સેન્ટર વિશ્વ વિખ્યાત ડિઝનીલેન્ડથી માત્ર ચાર જ માઇલ દૂર છે. અહીં પર્યુષણ વ્યાખ્યાનમાળા વિદ્યાર્થીઓની પાઠશાળા, મોટાંઓ માટેની સ્વાધ્યાય સભા, પૂજા, બાળકોના ધાર્મિક કાર્યક્રમો સતત થતા રહે છે. ૭૦ થી ૮૦ છોકરાઓ નિયમિતપણે પાઠશાળામાં આવે છે તેમજ દર વર્ષે બાળકોનો કેમ્પ પણ યોજવામાં આવે છે. ૧૯૮૪ થી ૧૯૮૯ સુધી મૂળ પાલનપુરના એવા ડૉ. મણીભાઇ મહેતાએ આ સેન્ટરના સર્જનમાં અવિરત પ્રયાસ કર્યો. અત્યારે નવનીત શાહ (પ્રમુખ) ગીરીશ જોગાણી (ઉપપ્રમુખ), પ્રકાશ ગાંધી, યોગેશ શાહ, રમેશ ઝવેરી, દિનેશ શાહ, બકુલ શાહ, ભારતી શાહ, ગીરીશ શાહ, વસંતબહેન શાહ, સુકેતુ ખંધાર, જયશ્રી પાલખીવાળા અને હિતેન શાહ જેવા કાર્યકરો આના વિકાસ માટે અથાગ અને અવિરત પ્રયત્નો કરી રહ્યા છે. આ સેન્ટર માટે તમામ જૈનોએ પંથ અને ફિરકા ભૂલીને એક સંપથી સહયોગ આપ્યો છે. એના બિલ્ડીંગમાં જૈનતરોએ પણ યોગદાન કર્યું છે. શ્રેષ્ઠીવર્યશ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇ (આણંદજી કલ્યાણજીની પેઢી), શેઠશ્રી અરવિંદ પન્નાલાલ (શ્રી શંખેશ્વર તીર્થ પેઢી), શેઠશ્રી યુ. એન. મહેતા (ટોરેન્ટ લેબોરેટરીઝ) છે. એ પણ જીવંત અને સાથ સહકાર આપ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ

તા. ૩૧-૩-'૯૦

| ફંડ તથા જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :-** | | |
| શ્રી ફંડના પરિશિષ્ટ મુજબ .... | ૪૦૦૫૫૬-૮૪ | |
| શ્રી થાણાંગ સૂત્ર ફંડ .... | ૧૨૦૦૦-૦૦ | |
| | | ૪૧૨૫૫૬-૮૪ |
| **જવાબદારીઓ :-** | | |
| અગાઉથી મળેલી રકમો પેટે .... | ૪૪૭૬૪-૨૯ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે.... | ૨૫૪૩-૦૦ | |
| અન્ય જવાબદારીઓ .... .... | ૪૧૮-૨૦ | |
| | | ૪૭૭૨૫-૪૯ |
| **ઉપજ ખર્ચ ખાતુ :-** | | |
| ગઇ સાલની બાકી જમા .... ... | ૩૩૧૭-૮૧ | |
| બાદ : ચાલુ સાલનો ઘટાડો ઉપજ ખર્ચ ખાતા મુજબ | ૭૩-૨૫ | |
| | | ૩૨૪૪-૫૬ |
| | કુલ રૂા. | ૪૬૩૫૨૬-૮૯ |

ટ્રસ્ટીઓની સહી

૧. હીરાલાલ ભાણજીભાઇ શાહ
૨. એ. એમ. શાહ
૩. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૪. કાન્તીલાલ રતીલાલ સલોત
૫. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–ભાવનગર

નોંધણી નંબર
એફ–૩૭ ભાવનગર

ના રોજનું સરવૈયું

| મિલ્કત | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| સ્થાવર મિલ્કત :– ગઈ સાલની બાકી | ... | ... | ૧૧૧૩૧૬–૦૦ |
| ડેડ સ્ટોક ફર્નીચર :– ગઈ સાલની બાકી | ... | .... | ૮૧૮૨–૦૦ |
| માલ સ્ટોક :– | ... | ... | ૨૧૨૦૮–૨૨ |
| એડવાન્સીઝ :– | | | |
| નોકરોને | .... | ૬૪૯–૬૦ | |
| બીજાઓને | ... | ૧૪૦–૦૦ | |
| | | | ૭૮૯–૬૦ |
| રોકડ તથા અવેજ :– | | | |
| (અ) બેન્કમાં ચાલુ ખાતે | | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે | .... | ૨૩૭૮૮–૦૩ | |
| બેન્કમાં ફીકસ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે | | ૨૯૮૦૦૦–૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે | .... | ૨૪૨–૧૫ | |
| | | | ૩૨૨૦૩૦–૧૮ |
| સરવૈયા ફેરના ... .... .... ... | | | ૦–૮૯ |
| | | | ફુલ રૂા. ૪૬૩૫૨૬–૮૯ |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાંનો સાચો અહેવાલ રજુ કરે છે.

ભાવનગર
તા. ૨૩ મે ૧૯૯૦

સંઘવી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ



For Private And Personal Use Only

તા. ૩૧-૩-'૯૦ ના

| આવક | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **ભાડા ખાતે :- (લહેણી/મળેલી)** .... ... ... | | ૧૩૪૯૩-૦૦ |
| **વ્યાજ ખાતે :- (લહેણી/મળેલી)** | | |
| બેન્કના ખાતા ઉપર .... ... ... | | ૩૧૪૪૧-૨૦ |
| **દાન-ભેટ :-** રોકડા અથવા વસ્તુરૂપે મળેલા .... ... | | ૩૪૬૨-૦૦ |
| **બીજી આવક :-** | | |
| શ્રી પસ્તી વેચાણ ... ... | ૫૭૧-૪૫ | |
| શ્રી પરચુરણ આવક .... | ૬૮૭-૫૦ | |
| શ્રી પુસ્તક વેચાણ .... | ૭૧૪-૫૦ | |
| | | ૩૨૭૩-૪૫ |
| **ખાદ જે સરવૈયામાં લઈ ગયા તે** .... ... .... | | ૭૩-૨૫ |
| | કુલ રૂા. | ૫૧૭૪૨-૯૦ |

ટ્રસ્ટીઓની સહી

૧. હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨. એ. એમ. શાહ
૩. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૪. કાંતીલાલ રતીલાલ સલોત
૫. ચીમનલાલ વર્ધમાન શાહ



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા–ભાવનગર

નોંધણી નંબર
એફ/૩૭ ભાવનગર

રોજ પુરાં થતાં આવક અને ખર્ચના હિસાબ

| ખર્ચ | | | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|---|---|
| મિલકત અંગેનો ખર્ચ :- | | | | |
| મરામત અને નિભાવ | ... | .... | ૪૯૭-૦૦ | |
| વીમો | ... | .... | ૧૦૬૬-૦૦ | |
| અન્ય ખર્ચ | ... | .... | ૨૪-૦૦ | |
| | | | | ૧૫૮૭-૦૦ |
| વહીવટી ખર્ચ :- | .... | .... | .... | ૧૫૨૦૧-૪૫ |
| કાનુની ખર્ચ :- | .... | ... | ... | ૨૨૫-૦૦ |
| ઓડીટ ખર્ચ :- | .... | ... | .... | ૩૦૦-૦૦ |
| ફાળો અને ફી :- | ... | .... | ... | ૧૧૮૫-૦૦ |
| પરચુરણ ખર્ચ :- | .... | ... | .... | ૧૮૮૨-૭૫ |
| રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો :- | | | .... | ૧૪૫૧૧-૭૦ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :- | | | | |
| (અ) ધાર્મિક | ... | ... | ૧૬૭૦૦-૦૦ | |
| (બ) વૈદકીય મદદ | .... | ... | ૧૫૦-૦૦ | |
| | | | | ૧૬૮૫૦-૦૦ |
| | | | કુલ રૂ. | ૫૧૭૪૨-૯૦ |

ભાવનગર
તા. ૨૪ મે ૧૯૯૦

સંઘવી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## ભાવનગરને આંગણે પર્યુષણ પર્વમાં થયેલ અનેકવિધ આરાધના

ભાવનગરના આંગણે પૂજ્યપાદ સૌમ્યમૂર્તિ આ. મ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં ચાતુર્માસ તથા પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વમાં થયેલ વિવિધ તપશ્ચર્યા તથા મંગલમય શ્રી ધર્મચક્રતપની વિક્રમ સર્જક સામૂહિક ભવ્ય આરાધનાની અનુમોદના નિમિત્તે શ્રી ધર્મચક્ર પૂજન, અર્હદ્ અભિષેક વિધિ, નન્દીશ્વર દ્વીપ મહાપૂજા, શાન્તિસ્નાત્ર સહિત આસો સુદ ૭ થી આસો વદ ૩ સુધીનો ૧૨ દિવસનો ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો

પ. પૂ. ગુરુ ભગવંતોના ઉપદેશ અને પ્રેરણાથી મહામંગલકારી શ્રી ધર્મચક્રતપનો અષાઢ વદ ૮ થી પ્રારંભ થતાં, આબાલ-વૃદ્ધ ભાવિકો ૬૫૦ જેવી વિશ્વભરમાં વિક્રમરૂપ ગણાય તેવી સંખ્યામાં આ મહાતપમાં ઉલ્લાસથી જોડાયા હતા. ૮૨ દિવસનો આ મહાન તપ કરનાર પુણ્યવન્તોએ આસો વદ ૧ ને દિવસે પારણા કર્યા હતા.

ધર્મચક્રતપ કરનાર પુણ્યવન્તોને વંદના અને આ મહાન તપની ભૂરી ભૂરી અનુમોદના.

## જિનશાસનના ઇતિહાસની એક મહાન ઘટના

૨૩ મી ઓકટોબરનો દિવસ જૈનધર્મના ઈતિહાસમાં અવિસ્મરણીય બની રહેશે. આ દિવસે બપોરે ચાર વાગે ડયૂક ઓફ એડિનબરો એટલે કે પ્રિન્સ ફિલિપ "Jain Statement on Nature" નામના પુસ્તકનો બકિંગહામ પેલેસમાં વિમોચન વિધિ કરશે. આ સમયે વિશ્વના ચાર ખંડમાંથી અને જૈનધર્મના ચાર ફિરકાઓમાંથી અગ્રણી નેતાઓ અને જૈન દર્શનના વિદ્વાનો ઉપસ્થિત રહેશે. જૈનધર્મ એક વૈજ્ઞાનિક ધર્મ છે અને વનસ્પતિમાં જીવન હોવાની શોધ એણે કેટલાય વર્ષો પૂર્વે કરેલી છે. અને એમાં સર્વ જીવો પ્રત્યેનું ઐકય અને પ્રકૃતિની સંભાળભરી જાળવણી ઉત્કૃષ્ટ કક્ષાએ જોવા મળે છે. જૈનધર્મની આ વિચારસરણી અંગે દેશ અને વિદેશમાં ત્રીસ જેટલા નામાંકિત વિદ્વાનો અને વિચારકો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી અને એ તમામ સામગ્રીના દોહનરૂપ તૈયાર થયેલું "Jain Statement on Nature" પુસ્તક પ્રિન્સ ફિલિપ દ્વારા વિમોચન પામશે. આ પ્રસંગને માટે શ્રી દીપચંદ ગાર્ડી, શ્રી મનુભાઇ સી. શાહ (મુંબઇ), શ્રી ગુલાબચંદ ચિંહાલિયા, શ્રીમતી સરયૂ દફતરી ફિરકાઓના પ્રતિનિધિ રૂપે ઉપસ્થિત રહેશે. જ્યારે શ્રી એલ. એમ સિંઘવી, ડો. એન. પી. જૈન, પૂ. આત્માનંદજી અને ડો. કુમારપાળ દેસાઇ વિદ્વાનો તરીકે હાજર રહેશે. આ ઉપરાંત શ્રી સુલેખ જૈન (અમિરિકા), નેમુ ચંદેરિયા (ઇંગ્લેન્ડ), નગીનભાઇ દોશી (સિંગાપોર), સી. એન. સંઘવી, રતિ શાહ (પ્રમુખ : ઓશવાળ એસોસીએશન, લંડન), વિનોદ ઉદાણી (પ્રમુખ : નવનાત એસોસીએશન, લંડન) આ પ્રસંગે હાજર રહેશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ જીવનને સન્માર્ગે વાળવા—

# દાદાસાહેબમાં તા. ૨–૯–૯૦ના રોજ યોજાયેલ

# આધ્યાત્મિક યુવા શિબિર

## શેઠશ્રી મનમોહનભાઇ તંબોળીના હસ્તે ઉદ્‌ઘાટન

## મુનિશ્રી રત્નસુંદરવિજયજી વગેરેનો પ્રેરક સદ્‌બોધ

શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. તપાસંઘના ઉપક્રમે શ્રી દાદાસાહેબ સોસાયટી આયોજિત શ્રી પ્રાર્થના યુવક મંડળની વ્યવસ્થાથી યુવાનોને સન્માર્ગે લાવવાના હેતુથી આધ્યાત્મિક શિબર યોજાયેલ જેનો પૂ. આચાર્ય હેમચંન્દ્રસૂરીશ્વરજી મહાશજ તથા પૂ. પં. પ્રદ્યુમનવિજયજી મહારાજશ્રીના મંગલાચરણથી પ્રારંભ થયેલ. મહારાજશ્રીઓએ આવી વિશાળ સંખ્યામાં શિસ્તબધ્ધ રીતે શ્વેત-વસ્ત્રધારી યુવાનોની ઉત્કંઠા અને ઉત્સાહ જોઇ અનંદ વ્યકત કરેલ

ભાવનગર જૈન સંઘના પ્રમુખશ્રી મનમોહનભાઈ તંબોલીએ મંગળદીપ પ્રગટાવી શિબિરનું ઉદ્‌ઘાટન કરેલ

રાજકોટથી શ્રી અશોકભાઇ શાહ તથા તેમની ટીમે તથા વલસાડથી શ્રી હીમાંશુભાઇએ ખાસ પધારી યુવાનોને પ્રોત્સાહક ધાર્મિક ગીતોથી વાતાવરણ સંગીતમય બનાવી દીધેલ. શિબિરના પ્રણેતા અને જેઓની પાવન પ્રેરણાને યુવકોએ પોતાના જીવનની મહામુલી મુડીમાની એ પ્રવચનકાર પૂ. મુનીશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે તેમની મીઠી મધુરી અમૃતમય વાણી દ્વારા યુવાન વર્ગને સન્માર્ગે વળવા મનનીય પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું.

સવારના ૮/૩૦ થી સફેદ ગણવેશમાં ઉપસ્થિત રહેલ ૧૫ થી ૪૫ વર્ષના ભાઇઓની શિસ્તબધ્ધ લાઈન પ્રવેશ માટે દાદાસાહેબથી તખ્તસિંહજી હોસ્પીટલ સુધી લંબાયેલ. ૧૮૦૦ શિબિ-રાર્થીઓની સીટીંગ વ્યવસ્થાથી જમાડવાની તમામ વ્યવસ્થા ખુબ સુંદર હતી.

શ્રી પ્રતાપભાઈ શાહ, શ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી મણીકાંત કોઠારી, વગેરેએ ખાસ પ્રોત્સાહક હાજરી આપી હતી જૈનો ઉપરાંત જૈનતરો પણ આ શિબીરમાં જોડાયેલ છે.

આ શિબિરને સફળ બનાવવા દાદાસાહેબ સોસાયટીના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. અને હવે પછીના ચાર રવિવાર સુધી આવી શિબિરની યોજના જાહેર કરી.

---

## પાપથી બચવા વિવેક રાખો...

—મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ. સા:

* ઠંડા પહોરે આગળ નહી વધો તો તડકા વખતે હેરાન થશો.
* યુવાનો ખોટામાર્ગે છે તેનું કારણ તેને જુની પેઢીએ સાચે માર્ગે વાળી નથી.
* આપણી અપેક્ષાના જવાબ ન મળે. ન ફળે તો ગુસ્સો આવે છે પણ પ્રથમ હું કયાં છું? તે વિચારો.
* દુધને જમાવવા દુધ જેટલું મેળવણ નથી જોઈતું તેમ જીવનને જમાવવા થોડા જ સદ્‌ગુણો જરૂરી છે.
* તમામ પાપોનું પ્રવેશદ્વાર આંખ છે. આંખમાંથી પાપ મનમાં જાય છે. મનમાં ગયેલ પાપો સમગ્ર કાયામાં ફરી વળે છે. અને જીંદગીને બરબાદ કરી નાંખે છે.
* પર સ્ત્રી દર્શનથી બચવું અઘરું છે. આંખ ઉપર ચોકીદાર મૂકો, પાપથી બચવા વિવેક રાખો.
* જે ચીજ તમને મળે તેવી નથી તેની સામે આંખ માંડવી બંધ કરો. તો પાપથી બચી જશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂખ ચાહે

પેટની હોય કે પદની,

સંપત્તિની હોય કે કીર્તિની,

માણુસને કદાચ

શેતાન પણ

બનાવી દે છે.

પણ ગુણોની ભૂખ,

ઉઘડતા જ માણસમાં

સજ્જનતા ખીલવા લાગે છે.

ભૂખ જરૂર ઉઘાડો.

પણ ગુણોની ?

—મુનિ રત્નસુંદરવિજય મ. સા

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only